# Gujarat PSI

## Previous Year Paper

### Mains Gujarati 2015

Adda247

Test Prime

ALL EXAMS, ONE SUBSCRIPTION

1,00,000+ Mock Tests

Personalised Report Card

Unlimited Re-Attempt

600+ Exam Covered

25,000+ Previous Year Papers

500% Refund

IBPS

NABARD

ATTEMPT FREE MOCK NOW

1) ગુજરાતી ભાષાનું પ્રથમ હાઇકુ કોણે લખ્યું છે ?

(A).સ્વૈર વિહારી (B).સ્નેહરશ્મિ (C).પ્રિયદર્શી (D).ઉશનસ્

ANS: સ્નેહરશ્મિ

2) ગુજરાતનો ઇતિહાસ સૌ પ્રથમ નીચેનામાંથી કોના ધ્વારા લખવામાં આવ્યો છે ?

(A).એદલજી ડોસાભાઇ (B).ગોર્વધનરામ ત્રિપાઠી (C).કનૈયાલાલ મુનશી (D).રમણભાઇ નીલકંઠ

ANS: એદલજી ડોસાભાઇ

3) ગુજરાત વિધાનસભાના નામે ઓળખાતી સંસ્થા કયા નામે શરૂ થઇ હતી ?

(A).ગુજરાત સાહિત્ય સભા (B).ગુજરાત સાહિત્ય સોસાયટી (C).ગુજરાત વર્નર સાહિત્ય સભા (D).ગુજરાત વર્નાકયુલર સોસાયટી

ANS: ગુજરાત વર્નાકયુલર સોસાયટી

4) ભગવદ્ ગોમંડળ કેટલા ભાગમાં બહાર પડયું છે ?

(A).ચાર (B).આઠ (C).નવ (D).બાર

ANS: નવ

5) અમીર નગરીના ગરીબ ફકીરનું બીરૂદ નીચેનામાંથી કોને મળ્યું છે ?

(A).ન્હાનાલાલ (B).ઇન્દુલાલ યાજ્ઞીક (C).રા.વિ.પાઠક (D).રમણભાઇ નીલકંઠ

ANS: ઇન્દુલાલ યાજ્ઞીક

6) લોહીની સગાઇ કયા પ્રકારની સાહિત્યિક રચના છે ?

(A).નવલકથા (B).નવલિકા (C).કાયસંગ્રહ (D).એકાંકીનાટક

ANS: નવલિકા

7) નીચેનામાંથી કયા ક્ષેત્ર માટે જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવે છે ?

(A).સમાજસેવા (B).સાહિત્ય (C).વિજ્ઞાન (D).આરોગ્ય સેવા

ANS: સાહિત્ય

8) બાળ સાહિત્યના લોકપ્રિય લેખક કોણ હતા ?

(A).ગજુભાઇ બધેકા (B).ઇશ્વર પેટલીકર (C).રમણભાઇ નીલકંઠ (D).કાકાસાહેબ કાલેલકર

ANS: ગજુભાઇ બધેકા

9) સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A).સહાનૂભૂતી (B).સહનુભૂતિ (C).સહાનૂભૂતિ (D).સહાનુભૂતી

ANS: પ્રશ્ન રદ કરવામાં આવે છે.

10) " પગરખું " શબ્દનો સમાસ ઓળખાવો.

(A).દ્વન્દ્વ (B).તત્પુરૂષ (C).ઉપપદ (D).કર્મધારય

ANS: ઉપપદ

11) નીચેના શબ્દો પૈકી કયો શબ્દ " ખડતલ " નો વિરૂધ્ધાર્થી છે ?

(A).નબળુ (B).મરેલ (C).મુરદાલ (D).કાચુ

ANS: મુરદાલ

12) નીચેના શબ્દો પૈકી કયો શબ્દ " યાચક " નો વિરૂધ્ધાર્થી છે ?

(A).દાતા (B).શેઠ (C).દેનાર (D).શ્રીમંત

ANS: દાતા

13) નીચેના શબ્દો પૈકી કયો શબ્દ " સૂક્ષ્મ " નો વિરૂધ્ધાર્થી છે ?

(A).મોટુ (B).સ્થુલ (C).જાડુ (D).સંપૂર્ણ

ANS: સ્થુલ

14) નીચેના શબ્દો પૈકી કયો શબ્દ " કાળોત્રી " નો વિરૂધ્ધાર્થી છે ?

(A).પત્રીકા (B).પાનોત્રી (C).જન્મોત્રી (D).કંકોત્રી

ANS: કંકોત્રી

15) "તલવાર તાણવી " રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A).બોલતી બંધ કરવી (B).તલવારને ચમકાવવી (C).સખત માર મારવો (D).સંઘર્ષમાં ઉતરવું

ANS: સંઘર્ષમાં ઉતરવું

16) "ગણી શકાય નહી તેટલુ " શબ્દ સમૂહનો એક શબ્દ શોધો.

(A).અગણિત (B).વિગણિત (C).નગણિત (D).નવગણિત

ANS: અગણિત

17) " મુછનો દોરો કુટવો " રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

Adda247 GET IT ON Google Play

(A).મોટા માથે મગજમારી કરવી (B).સાહસના કામ કરવા (C).મુછમાં દોરો લગાવવો (D).જુવાની આવવી

ANS: જુવાની આવવી

18) " બાંધી મૂઠી લાખની" કહેવતનો અર્થ દર્શાવવો.

(A).મુઠીમાં રાખેલી વસ્તુને ખોલતા બધા જોઇ શકે (B).મુઠીમાં પૈસા રાખી શકાય (C).બંધ મુઠીથી કોઇને મારી શકાય (D).રહસ્ય છુપાયેલુ હોય ત્યાં સુધી મહત્વનું હોય

ANS: રહસ્ય છુપાયેલુ હોય ત્યાં સુધી મહત્વનું હોય

19) " કાયા " માટે ઉપયુકત ઉપમા દર્શાવવો.

(A).દાડમ જેવી (B).ચાંદી જેવી (C).કંચન જેવી (D).દૂધ જેવી

ANS: કંચન જેવી

20) ખાલી જગ્યામાં ઉચિત શબ્દ ભરો. બંગલુરૂમાં ભારતીય ટીમનો વિજય.......... હતો.

(A).અસંતોષજનક (B).અસામઇક (C).અણધાર્યા (D).અવાચક

ANS: અણધાર્યા

21) શેઠની શિખામણ ઝાંપા સુધી

(A).શેઠનું કામે કહેવાનુ નોકરનું સાંભળવાનું (B).શેઠ ઝાંપા બહાર શિખામણ આપે નહી (C).શેઠ કોઇ કામ સોંપે તે દરવાજા સુધીમાં કરવું (D).કોઇએ આપેલી સારી સલાહ થોડા વખતમાં ભુલી જવી.

ANS: કોઇએ આપેલી સારી સલાહ થોડા વખતમાં ભુલી જવી.

22) " દયા પાત્ર " શબ્દનો સમાસ ઓળખાવો.

(A).બહુવ્રિહી (B).કર્મધારય (C).તત્પુરૂષ (D).દ્વન્દ્વ

ANS: તત્પુરૂષ

23) " પ્રેષક " શબ્દની સંધિ છુટી પાડો.

(A).પ્ર + ઇક્ષક (B).પ્રક + શક (C).પ્રક્ + શક (D).પ્રે + અક્ષક

ANS: પ્ર + ઇક્ષક

24) નીચેની પંકિતનો અલંકાર દર્શાવો. " મુખ મરકાવે માવલડી "

(A).વર્ણાનુપ્રાસ (B).અનન્વય (C).રૂપક (D).ઉપમા

ANS: વર્ણાનુપ્રાસ

25) " આભ તુટી પડવુ " રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A).મુશ્કેલીનોસામનો કરવો. (B).વીજળીનો ગડગડાટ થવો (C).ધોધમાર વરસાદ આવવો (D).ઓચિંતી મુશ્કેલી ઉભી થવી

ANS: ઓચિંતી મુશ્કેલી ઉભી થવી

26) " લોહી ઉકળવું " રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A).શરમ ન આવવી (B).ઝઘડો કરવો (C).માર મારવો (D).ગુસ્સે થઇ જવું

ANS: ગુસ્સે થઇ જવું

27) " વાડ ચીભડાં ગળે " કહેવતનો અર્થ દર્શાવવો.

(A).પોલીસ ચોરનો સાથ આપે. (B).રક્ષક ઉપર ધ્યાન રાખવું જોઇએ (C).વાડની બાજુના ચીભડાં વાડ ગળી જાય (D).રક્ષક જ ભક્ષક બને

ANS: રક્ષક જ ભક્ષક બને

28) નીચેની પંકિતનો અલંકાર દર્શાવવો. " કયારેક ચાંદીશી ઝળાંહળાંથતી નદીને જોતો"

(A).ઉપમા (B).અનન્વય (C).સજીવારોપણ (D).રૂપક

ANS: ઉપમા

29) ખાલી જગ્યામાં ઉચિત શબ્દ ભરો. રમેશભાઇ કાશ્મીર ફરવા ગયા પરંતુ આ રૂતુમાં તેને ત્યાંની....માફક આવી નહી.

(A).પ્રદુષણ (B).વાતાવરણ (C).આબોહવા (D).ગીચતા

ANS: આબોહવા

30) " બે મોટા સમુદ્રને જોડનારી ખાડી " શબ્દ સમુહનો એક શબ્દ શોધો.

(A).સામુદ્રધુની (B).અખાત (C).ભૂશિર (D).સમુદ્રકલ્પ

ANS: સામુદ્રધુની

31) " તીર્થાતમ " શબ્દનો સમાસ ઓળખાવો.

(A).દ્વન્દ્વ (B).તત્પુરૂષ (C).કર્મધારય (D).બહુવ્રિહી

ANS: કર્મધારય

32) " એક જ સમયમાં થઇ ગયેલુ " શબ્દ સમુહનો એક શબ્દ શોધો.

(A).સમકાલીન (B).સમયકાલીન (C).અનુકાલીન (D).પૂર્ણકાલીન

ANS: સમકાલીન

33) નિર્દેશ: નીચે વાકયોને છ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. વચ્ચેના ચાર ભાગને P Q R S સંજ્ઞા આપવામાં આવેલી છે. આ ભાગો ક્રમમાં નથી. આ ભાગોને ઉચિત ક્રમમાં ગોઠવો. તે ક્રમને વિકલ્પમાંથી શોધો.

(1) આપણે આપણા બધા

(P) શુ તમે છો

(Q) મતભેદો ભુલી જઇ અને

(R) તમારા દેશને વફાદાર

(S) ભેગા થઇ કામ કરવુ જોઇએ

(6) રહેવાનું વચન આપશો.

(A).QSPR (B). (C).PQRS (D).

ANS:QSPR

34) નિર્દેશ: નીચે વાકયોને છ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. વચ્ચેના ચાર ભાગને P Q R S સંજ્ઞા આપવામાં આવેલી છે. આ ભાગો ક્રમમાં નથી. આ ભાગોને ઉચિત ક્રમમાં ગોઠવો. તે ક્રમને વિકલ્પમાંથી શોધો.

(1) આપણે એવા માણસો

(P) પરંપરાથી ગ્રહિત છે

(Q) મને લાગે છે કે સાચુ શિક્ષણ આ બધાં

(R) પેદા કરવા માંગીએ છીએ કે

(S) જેમના મન ધર્મ માન્યતા અને

(6) સંસ્કાર ગ્રહણીઓની પેલે પાર છે.

(A).RSPQ (B). (C).PQRS (D).

ANS:RSPQ

35) સાત પગલાં આકાશમાં નવલકથા કોણે લખી છે.

(A).વર્ષા અડાલજા (B).ધીરૂબેન પટેલ (C).મકરંદ દવે (D).કુંદનિકા કાપડીયા

ANS: કુંદનિકા કાપડીયા

36) કાકાસાહેબ કાલેલકરનું ગુજરાતી સાહિત્યમાં કયા સાહિત્યપ્રકારથી સ્થાન બનેલુ છે.

(A).નવલકથા (B).નાટક (C).કાવ્ય (D).નિબંધ

ANS: નિબંધ

Adda247

Adda247 GET IT ON Google Play

37) નીચે અપાયેલા શબ્દોમાંથી " ભાવવાચક સંજ્ઞા" શોધો.

| | | | |
|---|---|---|---|
| (A).દૂધ | (B).રસિક | (C).વૈધ્વય | (D).નિયમિત |

ANS: વૈધ્વય

38) આપેલ શબ્દો પૈકી સાચી જોડણીવાળો શબ્દ શોધો.

| | | | |
|---|---|---|---|
| (A).ખુબસુરત | (B).ખૂબસૂરત | (C).ખૂબસુરત | (D).ખુબસૂરત |

ANS: ખૂબસૂરત

39) આપેલ શબ્દો પૈકી નીચેના વાકયોમાંનો " વિશેષણ " શબ્દ શોધો.

| | | | |
|---|---|---|---|
| (A).ચમકદાર | (B).ઘોડા | (C).દરબાર | (D).કાળા |

ANS: કાળા

40) નીચેના વાકોયનો અલંકાર ઓળખાવો. શિયાળો એ શિયાળો

| | | | |
|---|---|---|---|
| (A).રૂપક | (B).અનન્વય | (C).સજીવારોપણ | (D).વ્યાજ સ્તુતિ |

ANS: અનન્વય

41) નગાધિરાજ કોને ઉદ્દેશીને લખાયું છે?

| | | | |
|---|---|---|---|
| (A).હિમાલય | (B).ભૂમિકાઓ | (C).સરિતાઓ | (D).શિખરો |

ANS: હિમાલય

42) ભારત ભૂમિમાં પહેલ વહેલી શોધ શાની થઇ ?

| | | | |
|---|---|---|---|
| (A).આંતર જગતવિશેની | (B).માનવીની પ્રકૃતિ વિશેની | (C).આ બન્નેની | (D).આમાંથી એકપણ નહી |

ANS: આ બન્નેની

43) કઇ બે બાબતો એ આ ભૂમિથી બહાર જઇ દુનિયાને તરબોળ કરેલ છે?

| | | | |
|---|---|---|---|
| (A).આધ્યાત્મિકતા અને ફિલસૂફી | (B).અસ્તિત્વ અને અમરત્વ | (C).નૈતિકતા અને અધ:પતિત | (D).આમાંથી એકપણ નહી |

ANS: આધ્યાત્મિકતા અને ફિલસૂફી

44) અનાદિ અનંત અને અવિનાશી સ્વભાવનું જીવન કઇ ભૂમિ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).પરદેશી | (B).અર્વાચીન | (C).પ્રાચીન ભૂમિ | (D).ભારતભૂમિ |

ANS: ભારતભૂમિ

45) આ ગધખંડનું શિર્ષક શુ છે?

(A).ભારતના સંતાનો (B).ભારતનું ભાવી (C).માનવ જાતિની ચેતના (D).આમાંથી એકપણ નહી

ANS: ભારતનું ભાવી

46) " હિન્દુ ધર્મની બાળપોથી " કુતિના લેખક કોણ છે

(A).સ્વામી આનંદ (B).નરસિંહ મહેતા (C).શંકરાચાર્ય (D).આનંદશંકર ધ્રુવ

ANS: આનંદશંકર ધ્રુવ

47) " અંગત " કાવ્યસંગ્રહના કર્તા કોણ છે ?

(A).કવિ નર્મદ (B).રાવજી પટેલ (C).પન્નાલાલ પટેલ (D).મણિશંકર ભટ્ટ

ANS: રાવજી પટેલ

48) પર્યાયની આ યાદીમાં એક વિરોધી ઘૂસી ગયું છે. કાઢો બહાર

(A).રવિ સૂર્ય (B).જવાર-ભાટા (C).પિયકકડ-શરાબી (D).ઇબાદત-પૂજા

ANS: જવાર-ભાટા

49) નીચેનામાંથી કયુ સામયિક ગુજરાતી સાહિત્ય પરિષદનું સામયિક છે.

(A).પ્રગતિશીલ શિક્ષણ (B).ભૂમિપત્ર (C).નિરીક્ષક (D).પરબ

ANS: પરબ

50) આમાં કોણ બંધબેસતુ નથી ?

(A).કંચન (B).સોનુ (C).સુવર્ણ (D).કથિર

ANS: કથિર

51) શિવ આ નામે ઓળખાતા નથી.

(A).ધૂર્જટિ (B).શંકર (C).મહાદેવ (D).નારાયણ

ANS: નારાયણ

52) આપેલ વિકલ્પોમાંથી " સુધાકર " શબ્દનો સમાનાર્થી શોધો.

(A).શશી (B).યામિની (C).સૂર્ય (D).આકાશ

ANS: શશી

53) આપેલ શબ્ોદમાંથી " સાર્થ " શબ્દનો વિરૂધ્ધાર્થી શોધો.

(A).દુર્લભ (B).વ્યર્થ (C).જુદા (D).વિયોગ

ANS: વ્યર્થ

54) " જેની પત્ની મુત્યુ પામી છે એવો પુરૂષ " શબ્દસમૂહ માટેનો એક શબ્દ શોધો.

(A).ગંગાસ્વરૂપ (B).બીજવર (C).વિધવા (D).વિધુર

ANS: વિધુર

55) આપેલ શબ્દો પૈકી સાચી જોડણીવાળો શબદ કયો છે ?

(A).મિજબાની (B).મીજબાની (C).મીજબાનિ (D).મિજબાનિ

ANS: મિજબાની

56) આપેલ વાકયમાંના દર્શાવેલા શબ્દો પૈકી કયો શબ્દ "જાતિવાચક સંજ્ઞા" દર્શાવે છે?

(A).પર્વત (B).હવા (C).ઉંચા (D).ઉપર

ANS: પર્વત

57) આપેલ શબ્દોમાંથી " સર્વનામ " દર્શાવતો શબ્દ શોધો.

(A).તમે (B).મુદ્દતાથી (C).સોનું (D).કજિયાખોર

ANS: તમે

58) ગુજરાતી ભાષાનું સર્વપ્રથમ માસિક કયું ગણાય છે ?

(A).અખંડાનંદ (B).નવચેતન (C).સંસ્કૃતિ (D).દાંડીયો

ANS: દાંડીયો

59) પંદર દિવસમાં એકવાર પ્રગટ થનાર

(A).સાપ્તાહિક (B).પાક્ષિક (C).માસિક (D).પૌત્રિક

ANS: પાક્ષિક

60) નીચેના પૈકી શબ્દની સાચી જોડણી કઇ છે ?

(A).આધ્યત્મિકતા (B).આધ્યાત્મીકતા (C).અધ્યાત્મીકતા (D).અધ્યત્મિકતા

ANS: પ્રશ્ન રદ કરવામાં આવે છે.

61) જનનીની જોડ સખી નહી જડે રે લોલ આ પંકિત કોની રચેલી છ ?

Adda247
GET IT ON Google Play

(A).બોટાદકર (B).પ્રેમાનંદ (C).મેઘાણી (D).કલાપી

ANS: બોટાદકર

62) " ઉષ્માભર્યું સ્વાગત કરવું " ગુજરાતી ભાષાના રૂઢિપ્રયોગોની ભાષામાં

(A).આંખો ઠરવી (B).ગૂડા ભાંગી નાખવા (C).કંઠે ભુજાઓ રોપવી (D).તલવાર તાણવી

ANS: કંઠે ભુજાઓ રોપવી

63) ૨૬ જાન્યુ. 2001 નો ભૂકંપ જાણે શિવનું તાંડવ નૃત્ય ભાષ શાસ્ત્રમાં આ કયો અલંકાર છે?

(A).અનન્વય (B).વ્યતિરેક (C).ઉપમા (D).ઉત્પ્રેક્ષા

ANS: ઉત્પ્રેક્ષા

64) ગુજરાતી ભાષનો " સાર્થ જોડણીકોશ " કઇ સંસ્થાનું પ્રકાશન છે?

(A).નવજીવન પ્રકાશન ટ્રસ્ટ (B).ગુજરાત વિધાપીઠ (C).ગુજરાત સાહિત્ય પરિષદ (D).ગુજરાત સાહિત્ય સભા

ANS: ગુજરાત વિધાપીઠ

65) પર્યાયવાચી શબ્દોની જોડ, એમાં શામાં મોટી ખોડ?

(A).હરણ – મૃગ, સારંગ (B).તોખાર-ગજ,હાથી (C).ગરલ-વિષ, ઝેર (D).તાસીર-પ્રકૃતિ,સ્વભાવ

ANS: તોખાર-ગજ,હાથી

66) જય જય ગરવી ગુજરાતના રચયિતા કવિ કોણ?

(A).નરસિંહ મહેતા (B).નર્મદ (C).દયારામ (D).દલપતરામ

ANS: નર્મદ

67) નીચેનામાંથી કયુ વાકય પ્રેરક વાકય છે ?

(A).ધોની ક્રિકેટ રમાડે છે (B).ઇન્દરાથી કવિતા ગવડાવાય છે (C).મહારાજ હસે છે (D).તે રોજ ટોપરૂ ખાય છે

ANS: ધોની ક્રિકેટ રમાડે છે

68) માનસિક આવેગવાળુ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(A).સ્થતપ્રજ્ઞ (B).આવેગિક (C).સંવેગિક (D).સ્પૃશહણીય

ANS: સંવેગિક

Adda247 GET IT ON Google Play

69) મતી મારી જવી રૂઢિપ્રયોગનો શો અર્થ થાય છે ?

(A).મડાગાંઠ પડવી (B).બુધ્ધિ ભ્રષ્ટ થઇ જવી (C).મન મરી જવુ (D).બેધ્યાનપણામાંથી સ્વસ્થ થવું

ANS: બુધ્ધિ ભ્રષ્ટ થઇ જવી

70) કયો શબ્દ સમાનાર્થીમાં નથી તે જણાવો.

(A).ખરાબ થવુ (B).બગડવું (C).વણસવું (D).વખોડવું

ANS: વખોડવું

71) રૂપક અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A).વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે (B).હાંફી ગયેલા શ્વાસના પગને તપાસીએ (C).ઉધતાને પાયે પગની જેલ (D).ફુલના જાણે શોભે ગાલીચા

ANS: ઉધતાને પાયે પગની જેલ

72) મંદાકાન્તા છંદની પંકિત શોધીને લખો

(A).સમુદ્રમાં ભણી ઉપડયા કમરને કસી રંગથી (B).કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો (C).છે કો મારૂ અખિલ જગમાં ?બૂમ મેં એક પાડી (D).કાળી ધોળી રાતી ગાય,પીએ પાણી ચરવા જાય.

ANS: છે કો મારૂ અખિલ જગમાં ?બૂમ મેં એક પાડી

73) કપાળે પરસેવો વળવો રૂઢિપ્રયોગોનો અર્થ દર્શાવો.

(A).મહેરબાની હોવી (B).કશરત કરવી (C).હાથ મસ્તક પર હોવા (D).ખૂબ મહેનત કરવી

ANS: ખૂબ મહેનત કરવી

74) ઉતાવળે આંબા ન પાકે કહેવતનો અર્થ દશાર્વવો.

(A).ધીરજના ફળ મીઠા (B).ઉતાવળ કરવાથી ફળ મેળવી શકાતું નથી. (C).ઉતાવળથી સારૂ કામ થાય નહી (D).યોગ્ય સમયે યોગ્ય કામ કરવું

ANS: પ્રશ્ન રદ કરવામાં આવે છે.

75) ક્રિયાનું ફળ જેને પ્રાપ્ત થાય તેને કઇ વિભકિત કહેવાય ?

(A).સબંભ વિભકિત (B).અપાદન (C).સંપ્રદાન (D).અધિકરણ વિભકિત

ANS: સંપ્રદાન

Adda247 GET IT ON Google Play

76) આંખમાં આંખ પરોવવી રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A).દયા અનુભવવી (B).એક બીજા તરફ એટીટશે જોવું (C).આંખમાં કચરો પડવો (D).આંખ આવવી

ANS: એક બીજા તરફ એટીટશે જોવું

77) સુધાકર સમાનાર્થી શબ્દ જણાવો.

(A).તારા (B).ચંદ્ર (C).સૂર્ય (D).વીજળી

ANS: ચંદ્ર

78) સૂર્યમુખીના ખેતરો વઢાઇ જાય....... રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A).કર્મધારય (B).મધ્યમપદલોપી (C).ઉપપદ (D).બહુવ્રિહી

ANS: મધ્યમપદલોપી

79) ઇચ્છા પ્રમાણે ફળ આપતું વૃક્ષ... શબ્દ માટે એક શબ્દ આપો.

(A).બોધિવૃક્ષ (B).કલ્પવૃક્ષ (C).અશ્વત્યામા (D).પરમવૃક્ષ

ANS: કલ્પવૃક્ષ

80) ઉત્પ્રેક્ષા અલંકારનું ઉદાહરણ શોધીને લખો

(A).દમયંતીનું મુખ ચંદ્ર જેવુ છે (B).હૈયુ જાણે હિમાલય (C).જીવનવાડી કરમાઇ ગઇ (D).તેનુ રૂદન સાંભળીને દવાખાનાની દીવાલો ધ્રુજી ઉઠી.

ANS: હૈયુ જાણે હિમાલય

81) આ દેશની ધરતી ઉપર કયો ઉપદેશ આપવામાં નથી આવ્યો ?

(A).ધર્મના સત્યો જુઠા છે (B).ધર્મનું પાલન રહસ્યપૂર્ણ નથી (C).ધર્મના સત્યો ગુપ્ત રહસ્યો છે (D).આમાનું કોઇ નહી

ANS: ધર્મના સત્યો ગુપ્ત રહસ્યો છે

82) વહેમની પાછળદોડવુ તેના કરતાં શુ થવું સારૂ લેખક જણાવે છે ?

(A).આસ્તક થવું (B).આધ્યાત્મિક તરફ જવું (C).ભૌતિકતા તરફ જવું (D).નાસ્તીક થવું

ANS: નાસ્તીક થવું

83) nbsp;સમાજના દેહ ઉપર કેવા ડાઘા પડી ગયેલ છે ?

(A).મોટા (B).કાળા (C).સફેદ (D).લાલ

ANS: કાળા

84) આપણા ધર્મનો રાષ્ટ્રીય જીવનનો અને આધ્યાત્મિકતાનો નાશ કોણ કરીશકે તેમ નથી ?

(A).વહેમ (B).બહાદુરી (C).રહસ્યો (D).ગુપ્ત મંડળી

ANS: વહેમ

85) આ ગદ્ય ખંડ દ્વારા લેખક કઇ બાબત તરફ ધ્યાનન આપવાનું શિખવે છે ?

(A).હિમાલય તરફ (B).સત્ય તરફ (C).પ્રકૃતિ તરફ (D).વહેમ તરફ

ANS: વહેમ તરફ

86) કહેવતનો અર્થ લખો :મોરના ઇંડાં ચીતરવા ન પડે

(A).ઇંડા સુંદર ચીતરેલા જ હોય (B).હોશિયાર માતા પિતાના સંતાનોમાં કોઇ કહેવાપણું ન હોય (C).મોર સુંદર હોય તેથી. (D).મોરનું ઇંડુ ચીતરાઇ જ જાય

ANS: હોશિયાર માતા પિતાના સંતાનોમાં કોઇ કહેવાપણું ન હોય

87) અનભે શબ્દનું શિષ્ટરૂપ લખો

(A).નિર્ભય (B).ડરપોક (C).ભયભીત (D).કાયર

ANS: નિર્ભય

88) કરેલા ઉપકારને ભુલી જનાર, શબ્દ સમુહને માટે એક શબ્દ આપો.

(A).કૃતધ્ની (B).કૃતજ્ઞી (C).કૃતનિશ્ચયી (D).કૃતાર્થી

ANS: કૃતધ્ની

89) મને બોલાવે ઓ ગિરનાર તણાં મૌન શિખરે આ પંકિત છંદ જણાવો.

(A).શિખરણી (B).પૃથ્વી (C).મંદાક્રાન્તા (D).હરિગીત

ANS: શિખરણી

90) નીચેનામાંથી કયુ ઉદાહરણ વ્યાજસ્તુતિ અલંકાર છે.

| | | | |
|---|---|---|---|
| (A).શુ તમારી બહાદુરી ઉંદર જોઇને નાઠા | (B).ગાંધીજી એટલે ગાંધીજી | (C).તપેલી તપેલી છે. | (D).તે આવ્યો પણ બોલ્યો નહી |

ANS: શું તમારી બહાદુરી ઉંદર જોઇને નાઠા

91) દિકરાની પૌત્રી શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| (A).પુત્રપૌત્રી | (B).પ્રપૌત્રી | (C).દૌહિત્રી | (D).સુતા |

ANS: પ્રપૌત્રી

92) ચોપાઇ છંદની પંકિતનો વિકલ્પ ઓળખાવો.

| | | | |
|---|---|---|---|
| (A).આ મોક્ષથી મોધુ અને સાકર થકી વધતું ગળ્યું | (B).દરિયાથીડુંગર પર જાય કેડી, ત્યાં નાનકડી થાય તરૂવરો ત્યાં ઢોળે છાય, ને ઠંડો વાયુ | (C).નમતાથી સૌ કો રીઝ, નમતાને બહુમાન | (D).ઝેર ગયાં ને વેર ગયા, વળીકાળા કેર ગયા કરનાર એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે |

ANS: આ મોક્ષથી મોધુ અને સાકર થકી વધતું ગળ્યું

93) કયુ સમાનાર્થી જોડકુ ખોટુ છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વલોપાત -કલ્પાંત | (B).દુર્ધર્ષત-કોમળતા | (C).અતીત-ભૂતકાળ | (D).સંગતિ-સહવાસ |

ANS: દુર્ધર્ષત-કોમળતા

94) ઇન્દિરા પાણી રેડે છે- કર્મણિ વાકયરચના દર્શાવતો વિકલ્પ શોધો.

| | | | |
|---|---|---|---|
| (A).ઇન્દિરાને પાણી રેડવું છે. | (B).ઇન્દિરા પાણી રેડાવે છે. | (C).ઇન્દિરા પાણી રેડે | (D).ઇન્દિરાથી પાણી રેડાય છે. |

ANS: ઇન્દિરાથી પાણી રેડાય છે.

95) હુ આંખોથી સાંભળુ છુ- રેખાંકિત વિભકિત પ્રત્યય કઇ વિભકિત દર્શાવે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કર્મ | (B).કર્તા | (C).કરણ | (D).અપાદાન |

ANS: કરણ

96) હુ છકડા પાસે ગયો –ભાવે વાકય બનાવો

| | | | |
|---|---|---|---|
| (A).મારાથી છકડા પાસે જવાયુ | (B).મારી પાસે છકડો ગયો | (C).છકડા વડેહું પાસે ગયો. | (D).છકડા પાસે હું આવ્યું |

ANS: મારાથી છકડા પાસે જવાયુ

97) શહાણું માણસ લાભત નાહીં- કહેવતનો અર્થ લખો

(A).ડાહ્યો માણસ લાંબુ જીવન જીવે નહી (B).જેવુ જે કરે, તેવું જ ભોગવે (C).જે જન્મે છે તે મૃત્યુ પામે છે (D).કરવાનુંકાર્ય ન કરે.

ANS: ડાહ્યો માણસ લાંબુ જીવન જીવે નહી

98) મે પાઠ વાંચ્યો – આ વાકયનું પ્રેરક વાકય લખો.

(A).મે શિક્ષકને પાઠ વંચાવ્યો (B).મારાથી પાઠ વંચાવ્યો (C).શિક્ષકે મારી પાસે પાઠ વંચાવ્યો (D).મારા વડે પાઠ વંચાવ્યો

ANS: શિક્ષકે મારી પાસે પાઠ વંચાવ્યો

99) ઉપમા અલંકારનું ઉદાહરણ શોધીને લખો

(A).ફુલના જાણે શોભે ગાલીચા (B).છકડો એટલે છકડો (C).ડોહો સોટાની જેમ હાલવા ચાલવા લાગ્યો (D).પથ્થર થરથર ધ્રૂજે

ANS: ડોહો સોટાની જેમ હાલવા ચાલવા લાગ્યો

100) મંદાક્રાન્તા છંદનું ઉદાહરણ આપો.

(A).જહીં મરણચે મહોત્સવ અપૂર્વ જેવું થતું (B).બપોરી વેળાનું હરિતવરણું ખેતર ચડયું (C).છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી (D).એકલ પાંખ ઉડાય ના, એકલ નહી હસાય.

ANS: છે કો મારું અખિલ જગમાં ? બૂમ મેં એક પાડી

101) હવાની લહેરનો મંદ અવાજ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો ?

(A).સરસરાહટ (B).કોલાહલ (C).પર્ણમર્મર (D).ઘોંઘાટ

ANS: સરસરાહટ

102) વિલાસે પણ સફેદ વસ્ત્ર પહેર્યુ હતું આ વાકયનો નિપાત દર્શાવો.

(A).વસ્ત્ર (B).સફેદ (C).હતું (D).પણ

ANS: પણ

103) કયો શબ્દ સમાનાર્થી નથીતે જણાવો.

(A).ભેખડ (B).ગુફા (C).કુહર (D).બખોલ

ANS: ભેખડ

104) વિશ્વમાં આ તો પહેલો બનાવ છે ? આ વાકયમાં રેખાંકિત વિભકિત કયો પ્રકાર દર્શાવે છે ?

| | | | |
|---|---|---|---|
| (A).કર્તા વિભકિત | (B).સંબોધન વિભકિત | (C).કર્મ વિભકિત | (D).અધિકરણ વિભકિત |

ANS: અધિકરણ વિભકિત

105) ખાડો ખોદે તે પડે ની સમાનાર્થીકહેવત જણાવો.

| | | | |
|---|---|---|---|
| (A).હાથના કર્યા હૈયે વાગ્યા | (B).પાડાના વાંકે પખાલીને ડામ | (C).કરે જગલો ને ભોગવે ભગલો | (D).આપમૂઆ વિના સ્વર્ગે ન જવાય |

ANS: હાથના કર્યા હૈયે વાગ્યા

106) નીચેનામાંથી કયા વાકયમાં નિપાત છે ?

| | | | |
|---|---|---|---|
| (A).વાંચ્યુ તેથી આવડયું | (B).વાંચશો તો પાસ થશો. | (C).કેળવણી તો દુર્ગુણને દૂર કરનારી છે. | (D).વાંચ્યુ પણ આવડયું નહી |

ANS: પ્રશ્ન રદ કરવામાં આવે છે.

107) આઠ ગણોનાં માપ યાદ રાખવાનું સહેલુ સૂત્ર કયું છે ?

| | | | |
|---|---|---|---|
| (A).યમાતા રાજભાન સલગા | (B).ગાન જયરામા તાલભાસ | (C).રામા ભાનતાલ સગજય | (D).ગાલ સનભાજરા તામાય |

ANS: યમાતા રાજભાન સલગા

108) આવુ ટી.વી. ફકત ગામમાં ફકત બે જણાને ત્યાં છે. – નિપાત શોધો.

| | | | |
|---|---|---|---|
| (A).ફકત | (B).ત્યાં | (C).ગામમાં | (D).બે જણાને |

ANS: ફકત

109) આધુનિક સર્જક કોણ નથી.

| | | | |
|---|---|---|---|
| (A).મધુ રાય | (B).કિશોર જાદવ | (C).સુરેશ જોષી | (D).દલપત રામ |

ANS: દલપત રામ

110) આધુનિક કવિ કોણ છે?

| | | | |
|---|---|---|---|
| (A).મનસુખલાલ ઝવેરી | (B).પુજાલાલ | (C).બાલમુકુંદ દવે | (D).સીતાંશું યશચંદ્ર |

ANS: સીતાંશું યશચંદ્ર

111) બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયુ છે તે કહો.

યાદી – I

(A) ઝવેરચંદ્ર મેઘાણી

(B) સોરઠ તારા વહેતા પાણી

(C) રાષ્ટ્રીય શાયર

(D) છેલ્લો કટોરો

યાદી - II

(1) લોક સાહિત્યના સંશોધક

(2) દેશભિકતનું કાવ્ય

(3) નાયક વિનાની નવલકથા

(4) બિરદુ

(A).3 2 4 1 (B).2 4 3 1 (C).4 1 3 2 (D).1 3 4 2

ANS:1 3 4 2

112) બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયુ છે તે કહો.

યાદી – I

(A) દર્શક

(B) સત્યકામ

(C) કુરુક્ષેત્ર

(D) લોકભારતી વિધાપીઠ

યાદી - II

(1) સરસ્વતી સન્માન

(2) સણોસરા

(3) ઝેર તો પીધા છે જાણી જાણી

(4) મનુભાઇ રાજારામ પંચોળી

(A).3 4 2 1 (B).2 3 4 1 (C).1 2 3 4 (D).4 3 1 2

ANS:4 3 1 2

113) દેશી કારીગરીને ઉત્તેજન કર્તાનું નામ જણાવો.

(A).કરશનદાસ મૂળજી (B).નર્મદ (C).દલપતરામ (D).હરગોવિંદદાસ કાંટાવાલા

ANS: હરગોવિંદદાસ કાંટાવાલા

114) નીચેનામાંથી કયું ઘટકતત્વ હાઇકુમાં આવતું નથી.

(A).ચિંતન (B).સત્તર અક્ષર (C).ચિત્ર (D).કલ્પન

ANS: ચિંતન

115) ભૂત નિબંધના લેખક કોણ છે

(A).મનસુખરામ (B).દલપતરામ (C).નવલરામ (D).ગોવર્ધનરામ

ANS: દલપતરામ

116) જ્ઞાનપીઠ દ્વારા અપાતો મૂર્તિદેવી પુરસ્કાર ગુજરાતી લેખકને મળ્યો છે.

(A).નારાયણ દેસાઇ (B).પનાલાલ પટેલ (C).દર્શક (D).રાજેન્દ્ર શાહ

ANS: દર્શક

117) કયા બે સાહિત્યકારો નવલિકાકાર નથી ? (I)શરીસ વીજલીવાળા (II) મનોજ પરમાર (III) હિમાંશી શેલત (IV) મનોજ ખંડેરીયા

(A).(III) અને (IV) (B).(I) અને (IV) (C).(I) અને (II) (D).(III) અને (II)

ANS: (I) અને (IV)

118) મધ્યકાલીન સાહિત્યના સર્જક નથી.

(A).દયારામ (B).કેવળપુરી (C).દલપતરામ (D).રવિ સાહેબ

ANS: દલપતરામ

119) બે કવિઓ સુધારક યુગના નથી.-1 જયંત પાઠક -2 દલપતરામ -3 ઉસનસ્ -4 નર્મદ

(A).1 અને 4 (B).1 અને 2 (C).1 અને 3 (D).2 અને 4

ANS: 1 અને 3

120) ગુજરાતીમાં કરૂણ પ્રશસ્તિ કાવ્યના પ્રથમ રચનાકાર કોણ હતા ?

(A).દયારામ (B).ગોવર્ધનરામ (C).નવલરામ (D).દલપતરામ

ANS: દલપતરામ

121) એક માણસ લુચ્ચો દેખાય છે – આ વાકયમાં પુરક પદ લુચ્ચો છે ?

(A).વિશેષણ (B).સંજ્ઞા (C).કૃદંત (D).સર્વનામ

ANS: વિશેષણ

122) પલાએ પુલીનને ધકકો માર્યા. વિશેષણ ઓળખાવો.

(A).સાપેક્ષ વિશેષણ (B).ગુણવાચક વિશેષણ (C).પ્રશ્નવાચક વિશેષણ (D).દર્શક વિશેષણ

Adda247

ANS: દર્શક વિશેષણ

123) નીચેના પૈકી કયો શબ્દ પાણીનો પર્યાય નથી.

(A).સલિલ (B).સરસી (C).અંબુ (D).ઉદક

ANS: સરસી

124) સંધિ છોડો: અભ્યાસ

(A).અભ્ય + અસ (B).અભિ + યાસ (C).અભ્ય + આસ (D).અભિ + આસ

ANS: અભિ + આસ

125) સબરસનો સમાનાર્થી શબ્દ આપો.

(A).મધુરસ (B).સ્વાદિષ્ટ (C).લવણ (D).બધા રસ

ANS: લવણ

126) ભમો ભારતખંડના સકળ ભોમ ખૂંદી વળી. આ કયો છંદ છે.

(A).હરિગીત (B).મંદાકાન્તા (C).પૃથ્વી (D).શિખરિણી

ANS: પૃથ્વી

127) .................. પરમ શિવભકત હતો. સાચી જોડણીવાળો શબ્દ મુકો.

(A).બાણાસૂર (B).બાણશૂર (C).બાણાસુર (D).બાણાશૂર

ANS: બાણાસુર

128) નીચે આપેલા શબ્દોમાંથી વિશેષણ શોધો.

(A).ચોપડી (B).પાર્થિવ (C).આરંભ (D).નિત્ય

ANS: પાર્થિવ

129) જગદીશે પતંગ ઉચી કરી.

(A).જગદીશ પતંગ ઉંચી કરે છે. (B).જગદીશ પાસે પતંગ ઉંચી કરાવી (C).જગદીશ પતંગ ઉંચી કરશે (D).જગદીશ પતંગ ઉભી કરાઇ

ANS: પ્રશ્ન રદ કરવામાં આવે છે.

130) નીચેનામાંથી કર્તરિ વાકયરચના શોધો.

(A).મહારાજે તરત ભાણું તૈયાર કરાવ્યું (B).મહારાજે તરત ભાણું તૈયાર કરાવતા હતા. (C).મહારાજે તરત ભાણું તૈયાર કરવું. (D).મહારાજે તરત ભાણું તૈયાર કરતા હતા.

ANS: મહારાજે તરત ભાણું તૈયાર કરાવ્યું

131) કલ્પવૃક્ષ જો કેરી ખાય, તેનો ચોર પૈદા ન થાય.- રેખાંકિત પદનો સમાસ ઓળખાવો

(A).ઉપપદ સમાસ (B).મધ્યમપદલોપી સમાસ (C).બહુવ્રીહિ સમાસ (D).તત્પુરૂષ સમાસ

ANS: મધ્યમપદલોપી સમાસ

132) નીચેના વાકયોમાં રેખાંકિત શબ્દ પછી કયું વિરામચિન્હ મૂકશો ? મારું ધ્યાન દોરવા તેણે કહ્યું " સાંભળો છો ? "

(A).લઘુરેખા (B).પૂર્ણવિરામ (C).ગુરૂવિરામ (D).ગુરુરેખા

ANS: ગુરૂવિરામ

133) અન્ત:પુર શબ્દનો સમાનાર્થી

(A).રણવાસ (B).દિલનગર (C).અંતરનો પ્રવાહ (D).મનપુર

ANS: રણવાસ

134) કહેવતનો અર્થ આપો હૈયુ તેવુ હોઠે

(A).હૈયુ ખાલી કરવું (B).હૈયામાં ભરી રાખવું (C).હોઠ સાજા તો ઉત્તર ખાસા (D).વિચાર તેવી વાણી

ANS: વિચાર તેવી વાણી

135) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. કોઇની પણ મદદ ન લેનાર

(A).સ્વાવલંબી (B).પરાવલંબી (C).અવલંબી (D).મદદગાર

ANS: સ્વાવલંબી

136) નીચેનામાંથી કઇ કહેવત નથી.

(A).જીવ હેઠો બેઠો (B).વાડ ચીભડા ગળે (C).અધૂરો ઘડો છલકાય (D).ઉતાવળે આંબા ન પાકે

ANS: જીવ હેઠો બેઠો

137) પલાખું શબ્દનો કયો અર્થ છે ?

(A).ફૂટ પ્રશ્ન (B).દાખલાનો પ્રશ્ન (C).આંકના પાડાનો પ્રશ્ન (D).આલેખનો પ્રશ્ન

ANS: આંકના પાડાનો પ્રશ્ન

Adda247

138) મામાનું ઘર કેટલે દીવો બળે એટલે – કહેવતો અર્થ

(A).વખત આવે ખરેખર શું તેની ખબર પડી જવી (B).મામાના ઘરે મોજ મસ્તી (C).આંખોની સામે હોવું (D).ખૂબ જ નજીક હોવું

ANS: વખત આવે ખરેખર શું તેની ખબર પડી જવી

139) મહેનત સંજ્ઞાનો પ્રકાર દર્શાવો.

(A).દ્રવ્યવાચક (B).ભાવવાચક (C).જાતિવાચક (D).વ્યકિત વાચક

ANS: ભાવવાચક

140) જેના ભાગ્યમાં જે સમે તે લખ્યું તેહ ને તે સમયે તે જ પહોંચે – આ ઉકિત કોની છે ?

(A).ઝવેરચંદ મેઘાણી (B).નરસિંહ મહેતા (C).મોહનદાસ કરમચંદ ગાંધી (D).ખબરદાર

ANS: નરસિંહ મહેતા

141) સત્યના પ્રયોગો કોની આત્મકથા છે ?

(A).આચાર્ય વિનોબા ભાવે (B).મહાત્મા ગાંધી (C).જયપ્રકાશ નારાયણ (D).જવાહરલાલ નહેરુ

ANS: મહાત્મા ગાંધી

142) અંધારી ગલીમાં સફેદ ટપકાંની રચના કોના દ્વારા કરવામાં આવી છે ?

(A).દિગીશ મહેતા (B).લીલાબહેન (C).અમૃત જાની (D).હિમાંશી સેલત

ANS: હિમાંશી સેલત

143) ભારતીય વિધાભવન દ્વારા કયું સામયિક બહાર પાડવામાં આવે છે ?

(A).અખંડાનંદ (B).બુધ્ધિપ્રકાશ (C).અભિયાન (D).નવનીત સમર્પણ

ANS: નવનીત સમર્પણ

144) ગુજરાતી સાહિત્યના વ્યાપક રીતે વપરાતા સાર્થ શબ્દકોશનું પ્રકાશન કોના દ્વારા કરવામાં આવ્યું

(A).ગુજરાત વિધાપીઠ (B).ગુજરાતી સાહિત્ય અકાદમી (C).ગુજરાતી સાહિત્ય પરિષદ (D).ગુજરાત યુનિવર્સિટી

ANS: ગુજરાત વિધાપીઠ

145) મહાકવિનું બિરુદ મેળવનાર મધ્યયુગના ગુજરાતી અખ્યાનકાર કોણ હતા ?

(A).અખો (B).દયારામ (C).પ્રેમાનંદ (D).શામળ

ANS: પ્રેમાનંદ

146) ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કઇ છે ?

(A).માનવીની ભવાઇ (B).લોહીની સગાઇ (C).કરણઘેલો (D).ઝેર તો પીધા જાણી જાણી

ANS: કરણઘેલો

147) ભીષણ દુષ્કાળને નિરૂપતી ગુજરાતી નવલકથાકે જેના ઉપરથી ફિલ્મ બનેલ છે તે છે......

(A).માનવીની ભવાઇ (B).ગ્રામલક્ષ્મી (C).ભવની ભવાઇ (D).ઝેર તો પીધા જાણી જાણી

ANS: માનવીની ભવાઇ

148) ગુજરાતી લઘુકથાના જનક તરીકે કોને ગણવામાં આવે છે ?

(A).મોહનભાઇ પટેલ (B).પન્નાલાલ પટેલ (C).કાકાસાહેબ કાલેલકર (D).ભોળાભાઇ પટેલ

ANS: મોહનભાઇ પટેલ

149) હેમચંદ્રાચાર્ય દ્વારા લખવામાં આવેલા વ્યાકરણના ગ્રંથનું નામ શું છે ?

(A).નયન હેમ (B).સિધ્ધ હેમ (C).અષ્ટાધ્યાયી (D).હેમ વ્યાકરણ

ANS: સિધ્ધ હેમ

150) કલાપીનો કેકારાવ કોની રચના છે ?

(A).સુરસિંહજી ગોહીલ (B).નરસિંહરાવ દિવેટિયા (C).ઝવેરચંદ મેઘાણી (D).રમણભાઇ નીલકંઠ

ANS: સુરસિંહજી ગોહીલ